જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૯/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૨૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૯૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૯ બિયર ટીન અને ૦૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૨,૨૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૨૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૨૪૩/૨૦૨૬**

બોડકદેવ: દિપકકુમાર સ/ઓ શીતલદાસ મેઘાણી (ઉ.વ.૪૪) (રહે. મેપલ ટ્રી સુરધાર સર્કલ પાસે થલતેજ) એ તા.૦૫/૦૯/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૬ ના રોજ સોલા સાયન્સ સીટી રોડ ઘ કેપીટલની સામે હેતાર્થ પાર્ટી પ્લોટ નજીક ડ્રીમ રાઇઝ ઓફીસ નંબર–૫૦૭ ખાતે આરોપી (૧) રૂપેશકુમાર કીરીટભાઇ પ્રજાપતિ (રહે. ઝુંડાલ ગામ તા.જી–ગાંધીનગર (૨) મેહુલભાઇ મહેન્દ્રભાઇ પટેલ તથા (૩) શૈલેષભાઇ રણછોડભાઇ પ્રજાપતિ (રહે. પ્રજાપતિ વાસ ઝુંડાલ ગામ તા.જી–ગાંધીનગર) એ ભેગા મળી બ્રહ્માણી એન્ટર પ્રાઇઝ પેઢીના વેપારી તરીકે પોતાની ઓળખ આપી દિપકકુમાર મેઘાણીની નિસીકા ઇમ્પોર્ટ એક્ષપોર્ટ કંપની પાસેથી ચણા ૧૨,૦૦૦/–કિલોગ્રામ કિમત રૂપિયા ૭,૦૯,૨૦૦/– માલનો ઓર્ડર આપી કુલ બીલના દસ ટકા રૂપિયા ૭૫,૦૦૦/– આપી બાકી નિકળતા રૂપિયા ૬,૩૪,૨૦૦/– આજ દીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

કાલુપુર: આબિદ વાહિદ અલ્વી (ઉ.વ.૩૬) (રહે. પહેલો માળ સોનીની ચાલી સુમેલ–૭ ની બાજુમાં રખિયાલ રોડ રખિયાલ) એ તા.૦૫/૦૯/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આબિદ વાહિદ અલ્વી નાઓ કાલુપુર રિલિફ રોડ કમલ ચેમ્બર્શ પહેલા માળે દુકાન નં–૦૫ ધરાવી ધંધો કરતા હોય તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજ દુકાન ખાતે સ્પીકર રિપેરિંગ માટે આવેલ એક પુરૂષ એ રિપેરીંગના રૂપિયા QR કોડ સ્કેન કરી ઓનલાઇન ચુકવણી, પૈસા ટ્રાન્ઝેક્શન થયાનું ફોનમાં બતાવેલ પરંતુ સદર રકમ આબિદ અલ્વીના બેંક ખાતામાં આવેલ નહી જેથી તે પુરૂષે નજીકના એટીએમ મશીનમાંથી પૈસા ઉપાડી રોકડ રૂપિયા આપી જતો રહ્યો હતો. ત્યારબાદ થોડા સમયમાં ફરીથી આબિદ અલ્વીની દુકાન પર આવી ઓનલાઇન પૈસાનું ટ્રાન્ઝેક્શન તેના ફોનમાં બતાવી અને ટ્રાન્ઝેક્શનની વિગત આબિદ અલ્વીના મોબાઇલમાં જોવાના બહાને આબિદ અલ્વીનો ફોન લઇ તેના ફોન પર વાત કરતા કરતા ક્વરેજ ન આવતુ હોય તેવુ બહાનુ કાઢી દુર જઈ આબિદ અલ્વીના ફોન દ્વારા ખાતામાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– અલગ–અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૪/૨૦૨૬**

ચાંદખેડાઃ દિપકકુમાર ઇન્દ્રવદન પોરા (રહે. પાઇન ક્રેસ્ટ ગ્લોબલ સ્કુલની બાજુમાં ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) એ તા.૦૫/૦૯/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૮/૨૦૨૬ સાંજના ૦૬/૩૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા જગતપુર સેન્ટર પોઇન્ટ કોમ્પલેક્ષ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યકિત કારમાં મુકેલ બેગમાંથી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/– જરૂરી દસ્તાવેઝની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પાંડે ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૫/૨૦૨૬**

વાડજઃ રણછોડ માધારામ રબારી (ઉ.વ.૨૨) (રહે. ઉદ્યવનગર એપાર્ટમેન્ટ જુના વાડજ) તા.૦૪/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે જમવા સારૂ નાસ્તા બનાવવા માટેના ઈલે. નમકીન મશીન નજીક બેઠા હતા ત્યારે પીઠનો ભાગ નમકીન મશીનને અડી જતા નમકીન મશીનની સ્વીચ ચાલુ હોય વિજ કરંટ લાગતા, સારવાર માટે તેમને નવરંગપુરા મીઠાખળી ચાર રસ્તા સોલાર હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૬/૨૦૨૬**

દાણીલીમડાઃ મહંમદઝૈદ મહંમદજમાલ શેખ (ઉ.વ.૩૭) (રહે. તવક્કલનગર વિભાગ–૨ કુરેશ ડુપ્લેક્ષ ઇલાબેન ફાર્મ લવ પાન પાર્લર પાસે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇશ્વરભાઇ શંકરભાઇ ચલાવે છે.

નિકોલઃ જગદીશ હરીશંકર સરોજ (ઉ.વ.૪૨) (રહે. તલાવડી ભગવતીનગર પશુપતિનાથ મંદિર પાછળ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા પહેલા નિકોલ કઠવાડા ગેટ નંબર૨–૨ રોડ નંબર૨–૧૫ પાસે આવેલ ઈલેક્ટ્રીક પોલ–૧૧ કેવી ખોડલ આઈએનડી કઠવાડા ખાતે ઈલેક્ટ્રીક થાંભલા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી